# શ્રી સથવારા યુવા સંગઠન , ખેરાલુ

## શ્રી સથવારા યુવા સંગઠન, ખેરાલુ દ્વારા આયોજીત ઇનામ વિતરણ તથા ધોરણ ૧૦/૧૨ માર્ગદર્શન સેમિનાર – ૨૦૧૫-૧૬

શ્રી સથવારા યુવા સંગઠન, ખેરાલુ દ્વારા વર્ષ ૨૦૧૩થી સમાજના વિધાર્થીઓ માટે જનરલ નોલેઝ ટેસ્ટ સ્પર્ધા અને ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ નો માર્ગદર્શન સેમિનાર અને ઇનામ વિતરણ કાર્યક્રમ યોજવામાં આવે છે.

તારીખ ૨૮/૦૫/૨૦૧૬, શનિવારના રોજ સથવારા સમાજની વાડી ખેરાલુમાં સમાજના વડીલો દ્વારા દિપ-પ્રાગ્ટ્ય કરી કાર્યક્રમની શરુઆત કરવામાં આવી જેમાં દાન આપનાર દાતાઓનું સન્માન કરી તેમના હસ્તે જનરલ નોલેઝ ટેસ્ટ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવેલ વિધાર્થીઓને ઇનામ આપવામાં આવ્યા તથા પરીક્ષામાં ભાગ લેનાર તમામ વિધાર્થીઓને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા હતા . ત્યાર બાદ ખેરાલુ સથવારા સમાજમાં પ્રથમ મહિલા ડૉક્ટર બનનાર ડૉ. હાર્દિકાબેન ભૂપેન્દ્રભાઇનું યુવા સંગઠનના સભ્યો દ્વારા સન્માન કરવામાં આવ્યુ હતુ.

ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ પછી શું ? ના માર્ગદર્શન સેમિનાર માટે વિસનગરથી પધારેલ વિશાલભાઇ, નિરવભાઇ,પ્રવિણભાઇ અને તેમના સાથી મિત્રો દ્વારા વિધાર્થીઓને ખૂબ જ સારી રીતે માર્ગદર્શન પુરુ પાડ્યુ હતુ . ત્યારબાદ યુવા સંગઠનના સભ્ય ભાવેશભાઇ જયંતિલાલ દ્વારા ધોરણ ૮ ના વિધાર્થીઓ માટે ખેરાલુ ખાતે દર રવિવારે ફ્રી ક્લાસિસ શરુ કરવા માટેની જાહેરાત કરવામાં આવી જેમાં વિધાર્થીઓ અને વાલીઓનો સારો એવો પ્રતિસાદ મળ્યો હતો. જેમાં વિષ્ણુભાઇ ડાહ્યાલાલ , નિકુલભાઇ પ્રવિણભાઇ, અતુલભાઇ ભીખાભાઇ, ભૂપેંદ્રભાઇ કાનજીભાઇ, જગદિશભાઇ નટવરલાલ તેમજ ભાવેશભાઇ જયંતિલાલ જેવા શિક્ષક મિત્રો નિ:શુલ્ક સેવા આપશે.

કાર્યક્રમના અંતમાં કીરીટભાઇ દશરથભાઇ દ્વારા કાર્યક્રમમાં હાજર રહેલા વડીલો , મહેમાનો, વિધાર્થી ભાઇ-બહેનો તમામની આભારવિધી દ્વારા ભાવ વ્યક્ત કર્યો હતો . સમાજના વડીલો , ભાઇઓ-બહેનો તેમજ વિધાર્થીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક હાજરી આપી અને યુવા સંગઠન દ્વારા આવા શૈક્ષણીક બીજા પણ કાર્યક્રમો યોજાય તે માટે પ્રેમ અને નિષ્ઠાથી સંપૂર્ણ સાથ અને સહકાર આપશે એવી ખાત્રી આપવા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

લી.

શ્રી સથવારા યુવા સંગઠન, ખેરાલુ

યુવા શક્તિ એજ મહાશક્તિ